## વડીલોને વંદન અભિનંદન



નિરંજના જી. વરીઆ
(૧૯૪૬)ફોન:૨૩૨૨૬૩૧૭

## યોજના પડતી મુકાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના નવતર અભિગમ સાથે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો ઉપરાંત સ્વર્ણિમ હોલ, આવાસ યોજના, ઉદ્યાનો, લાયબ્રેરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

જયારે ગુડા વિસ્તારમાં વિકાસના નવા આયામો સર કરવા વિકાસનો નવો માસ્ટર પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે.જેમાં આગામી દાયકાથી વધુ સમયને ધ્યાને લઈ વિકાસની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

આ દરમિયાન અગાઉ ગુડા વિસ્તારમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવા પણ નિર્ણય લેવાયો હતો. મહિલાઓ આ હોસ્ટેલમાં સલામતરીતે રહી શકે અને જીવનમાં પગભર થાય તે માટે તેમજ બહારગામથી આવતી મહીલાઓને સરળતાથી સલામત ઠેકાણે રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે આ હોસ્ટેલ બનાવવાની યોજના વિચારવામાં આવી હતી. વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું સઘળું આયોજન પણ કરી દેવાયું હતું જો કે આખરે આ પ્રાજેકટ પડતો મુકી દેવાયો છે.

સુત્રોમાંથી મળતી માહીતી મુજબ સર્વિસ સેકટરમાં કામ કરતી રાજયની કોઈપણ આથોરીટી આ પ્રકારનું કામ કરી ન શકતી નથી. તેમજ આ અન્વયે સંચાલન પણ ન કરી શકે તેવા નિયમને ધ્યાને રાખી આ પ્રોજેકટ હાથ ધરવામાં આવશે નહી. ગુડાના ગત બજેટમાં પણ આ પ્રાજેકટને દુર કરી દેવાયો હોવાનું જણાવાયું છે.

# મેઘરજના અંતરિયાળ ગામોમાં પાણીનો પોકાર

## કુણોલ(વચલા મુવાડા) ગામમાં પીવાના પાણીની વિકટ સમસ્યા-હેડપંપ-બોર બંધ અવસ્થામાં

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં ગરમીથી પ્રજા તોબા પોકારી ઉઠી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં નદી નાણાં તળાવો સુકાભઠ્ઠ છે. જયારે ગામડાઓમાં બોર-હેડપંપ યોગ્ય જાળવણીના અભાવે બંધ હાલતમાં હોવાથી ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બની ગઈ છે. અરવલ્લી જિલ્લાના મોટાભાગના ગામડાઓમાં પીવાના પાણી માટે ગ્રામજનોએ આમતેમ ભટકવુ પડે છે. ત્યારે પશુ-પાલન કરતા પશુપાલકોની સ્થિતિ વિકટ બની ગઈ છે.

મેઘરજ તાલુકાની કુણોલ ગ્રામ પંચાયતમાં આવેલા વચલા મુવાડા ગામમાં પીવાના અને ઘર વપરાશના પાણીની તંગી વિકટ બની ગઈ છે. ગામમાં આવેલ એકમાત્ર બોરમાં પણ ખારૂ પાણી આવતુ હોવાથી આ પાણીનો ઉપયોગ પીવા માટે હિતાવહ નથી. ગામલોકોએ પીવાના પાણી માટે આમતેમ વલખા મારવા પડે છે. આ મુદ્દે ગામલોકોએ ગ્રામપંચાયત, તાલુકાએ અને જિલ્લાકક્ષાએ વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પણ પ્રકારની તસ્દી લેવામાં આવતી નથી.

વચલા મુવાડા ગામમાં રાઠોડ સમાજના ૭૦થી ૮૦ મકાનો આવેલા છે. ૮૦ ઘરોની વસ્તી ધરાવતા આ ગામના લોકો ખેતી અને પશુપાલન કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. ત્યારે ઉનાળાના આવા કપરા સમયમાં પશુઓને પીવા માટે પાણી અને ખાવા માટે ઘાસચારાનો અગ્નિપ્રશ્ન બની ગયો છે. ગામમાં આવેલ તમામ હેડપંપ બંધ હાલતમાં છે. અને ગામમાં એકજ બોર આવેલો છે. અને બોરમાં પણ ખારૂ પાણી આવતુ હોવાથી અને તે પણ ગામથી એક કિલોમીટર દૂર આવેલો હોવાથી ગામની મહિલાઓ અને બાળકો દ્વારા ત્યાંથી ચાલતા અને માથે બેડા, માટલા મુકીને પાણી લાવવામાં આવે છે. પીવાનું પાણી મળતુ ન હોવાથી ગામલોકોએ ન છૂટકે ખારૂ પાણી પીવાની નોબત આવી છે. ગ્રામજનોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની સમસ્યાએ ગામલોકો માટે આફત સર્જી દીધી છે. ત્યારે તંત્ર જાગે અને ગામલોકોને પીવા માટે અને રોજીંદી જરૂરીયાત માટે પુરતુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવા યોગ્ય જગ્યાએ રજૂઆત કરી હોવા છતાં પીવાના પાણીનો પ્રશ્ન હલ ન થતાં ગામના લોકોની હાલત કફોડી અને દયનીય બની ગઈ છે.



(તસવીર : જય અમીન, મોડાસા)



વારીયા પ્રજાપતિ સમાજ દ્વારા તાજેતરમાં સમાજના યુવાનો માટે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલા ગામોની ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગુરૂવારના રોજ ફાઈનલ મેચ યોજાઈ હતી. જેમાં નવા મારવાડા અને ખેડબ્રહ્માની ટીમો વચ્ચે મેચ યોજાઈ હતી. ફાઈનલ મેચમાં નવા મારવાડાની ટીમ વિજેતા થઈ હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ પ્રજાપતિ યુવા પ્રમુખ ભરતભાઈ પ્રજાપતિ દ્વારા વિજેતા ટીમને ટ્રોફિ અને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# પાલનપુર પૂર્વ પોલીસમથકે લોક દરબાર યોજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરમાં પૂર્વ પોલીસ મથકે પી.આઈની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો. જેમાં મોટા ભાગે ટ્રાફિકનો મુદ્દો રજુ કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાની સુચનાથી આજરોજ પૂર્વ પોલીસમથકે પૂર્વ અને પશ્ચિમ વિભાગનો લોક દરબાર પી.આઈ. જે.ડી. મેવાડાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. લોક દરબારમાં જિલ્લા યુવા ભાજપ મહામંત્રી હરેશભાઈ ચૌધરી ડૉક્ટર હાઉસમાં રોડ પર આડેધડ ઉભી રહેતી જીપો વિરૂદ્ધ કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો અને પોલીસ કર્મીઓ મુકવા વિનંતી કરી હતી. ઉપરાંત અન્ય સ્થળે થતી ટ્રાફિકની સમસ્યા અંગે આ લોકદરબારમાં રાયમલજી સોલંકી, અનિકેતભાઈ ઠક્કર, ડામરાજી રાજગોર, મુકુંબેન જોષી, મહેશ ઠક્કર, દિલીપ પુરોહિત વગેરે હાજર રહ્યા હતા.



## ઊંઝાના બંધ મકાનમાં ધોળે દિવસે દાગીના અને રોકડની ચોરી

ઊંઝા, તા. ૧૪

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ એક સોસાયટીના બંધ મકાનમાંથી ધોળા દિવસે કોઈ તસ્કરો રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ એક લાખ ઉપરાંતની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ગયો હોવાનો વધુ એક ચોંકાવનારો બનાવ બનતાં લોકો ભયભીત બન્યા છે.

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ સૌંદર્ય સોસાયટીના મકાન નં. ૧/૨૧માં પટેલ નવિનચંદ્ર શંકરલાલ રહે છે. આ મકાન માલિક પરિવાર સાથે સૌરાટ્રના દ્વારકા ગયા હતા. જેથી તેમના બંધ મકાનને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવ્યુંહતું. તસલ્કરોએ બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. બાદ સૂટકેશો તેમજ કબાટ તોડી અંદરથી પચાસ હજારની રોકડ રકમ તેમજ સોનાનો દોરો, એક જોડ કાનની સોનાની બુટ્ટી, પગની ચાંદીની શેરો બે જોડ, ચાંદીના સિક્કા નંગ-૪ વિગેરે મળી કુલ એક લાખ એક હજારની કિંમતની મત્તાની ધોળા દિવસે આબાદ ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

# મેઇક ઇન ઇન્ડિયાની વાતોની વચ્ચે ચીની વસ્તુ વધુ વેચાય છે

## પોતાની સરકારના વર્ષગાંઠના સમયમાં મોદી ચીન પ્રવાસે જતા રહ્યા છે : શક્તિસિંહ ગોહિલ

અમદાવાદ, તા.૧૪

એક વર્ષ પહેલા અચ્છે દીન દરેકના ખાતામાં ૧૫ લાખ, યુવાનોને રોજગારી, મજબૂત રૂપિયો, પડોશીને સુધારી દઈશ, ખેડૂત આત્મવિલોપન નહીં કરે, મહિલાઓની સંપૂર્ણ સુરક્ષા, આતંકવાદનો ખાત્મો કરી જેવા અનેક સપનાઓ દેખાડનાર મોદી એક વર્ષમાં પોતે આપેલ વચનો પુરા કરવામાં નિષ્ફળ રહ્યા છે માટે કસમયે પોતાની સરકારની વર્ષગાંઠના સમયે ચાઈના ઉપડી ગયા છે તેમ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. વડાપ્રધાન મોદીનો ચાઈનાનો આ પ્રવાસ મેહમાનનવાઝી અને માત્ર હરવા ફરવા પુરતો જ મર્યાદિત ન રહેવો જોઈએ. ચાઈનાના રાષ્ટ્રપતિ જિંગપિંગ સપ્ટેમ્બર ૨૦૧૪માં આપણા દેશમાં આવ્યા હતા અને તે સમયે ૨૦ બિલિયન યુએસ ડોલરનું મૂડીરોકાણ આપણા દેશમાં કરવાની વાતો કરી હતી પરંતુ આજે નવ મહિલા જેટલો સમય થયો હોવા છતાં કશું જ મૂડીરોકાણ થયું નથી. સીઆઈઆઈ (કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી)ના આંકડાઓ મુજબ ચાઈના દ્વારા આપણા દેશમાં જે નિકાલ કરવામાં આવે છે તેમાં ૪૫ બિલિયન અમેરકિન ડોલરની વાધેર નિકાસ ચાઈના દ્વારા છેલ્લા થોડાક સમયમાં કરવામાં આવી છે. આપણા મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ચાઈના દ્વારા વધારે પડતું એક્ષપોર્ટ કરવાના કારણે ખોખલા બનતા જાય છે. આપણા દેશના વડાપ્રધાન મેક ઈન ઈન્ડિયાની વાતો કરે છે પરંતુ પરિસ્થિતિ તેનાથી વિપરિત પેદા થઈ રહી છે. મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ છેલ્લા એક વર્ષમાં નબળા પડતા ગયા છે તેનું એક કારણ એ પણ છે કે, આપણે ત્યાં ભગવાનની મૂર્તિથી લઈને મોબાઈલના ચાર્જર સુધી મેડ ઈન ચાઈનાનો જ માલ વેચાઈ રહ્યો છે. વડાપ્રધાન મોદી ચાઈના ખાતે છે ત્યારે તેમણે એક સુદ્દઢ કરવું જોઈએ કે, મેઈડ ઈન ઈન્ડિયાની વસ્તુઓ ચાઈનામાં વેચાતી થાય આ અંગે વડાપ્રધાન શું કરવાના છે તે દેશને જણાવશે ખરા? ચાઈનાએ આપણા દેશ પાસેથી વધારે ખરીદી કરવી જોઈએ અને ચાઈનિઝ કરન્સીની સામે આપણો રૂપિયો મજબૂત બને તે પણ જોવું જોઈએ. સમયની તાતી જરૂરિયાત છે કે રૂપિયો અને ચાઈનીઝ ચલણ યુઆનની સીધી નાણાંકીય દેવડદેવડ થાય અને નાણાંકીય લેવડદેવડ માટે અમેરિકન ડોલરની મધ્યસ્થતા ખત્મ થાય.



હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ગુરૂવારે દર્દીઓ માટે યોજાયેલા રક્તદાન કેમ્પમાં સિવિલ હોસ્પિટલના તબીબો, નર્સીસ અને સિવિલ હોસ્પિટલના સ્ટાફે ઉત્પાહપૂર્વક રક્તદાન કર્યું હતું.

## હિંમતનગરમાં દર્દીઓ માટે ડૉક્ટરોએ ૩૫ બોટલ રક્તદાન કર્યું

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં આવેલ જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ અને સરપ્રતાપ સિવિલ હોસ્પિટલ ધ્વારા ગુરુવારે દર્દીઓ માટે ડોકટરોએ રક્તદાન કેમ્પનું આયોજન કર્યું હતું જેમાં ૩૫ બોટલ રક્ત એકઠું થયું હતું

હિમતનગરની સરપ્રતાપ સિવિલ હોસ્પિટલમાં આવેલ બ્લડ બેંકમાં ગુરુવારે મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ બંને ભેગા મળી દર્દીઓ માટે રક્તદાન કર્યો હતો.આ કેમ્પમાં મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના તબીબો,નર્સીસ,વર્ગ ત્રણ અને ચાર સહીત નો સ્ટાફ રક્તદાન કર્યું હતું કેમ્પમાં પ્રથમ રક્તદાન ૧૭ મી વખત સિવિલ સર્જન ડૉ.જયંત ઉપેરીયાએ રક્તદાન કરી શરૂઆત કરાવી હતી.આ અંગે બ્લડબેંકના ડૉ.પી.કે.ગોહિલે જણાવેલ કે સિવિલમાં દરરોજની દર્દીઓ માટે ૧૦ બોટલ રક્ત ની જરૂરિયાત છે ખાસ કરીને ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના આવતા દર્દીઓને લોહીની જરૂરિયાત વધુ રહે છે તેમાંય ખાસ ડીલીવરીમાં આવેલી મહિલાઓએ પણ લોહીની જરૂરિયાત હોય છે તેથી આ રક્તદાન કેમ્પનું આયોજન કર્યું છે.જેમાં ૩૫ બોટલ રક્ત એકઠું થયું હતું.

# બનાસકાંઠા જીલ્લામાં બી.આર.જી.એફ યોજના હેઠળ ૬૫ લાખની ગેરરીતીની ફરિયાદ

## બી.આર.ડી.એફ યોજના હેઠળ ચાલતા કોચીંગ કલાસમાં ગેરરિતીની રાવ : એન.જી.ઓ ધ્વારા શિક્ષણ વિભાગની મીલીભગતથી બોગસ નામો અને બોગસ વાઉચરો થકી ખોટી હાજરી પુરી રકમ ચાંઉ થઈ ગઈ હોવાની ફરીયાદ

પાલનપુર, તા.૧૪

ગુજરાતના માજી મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના શાસનકાળ દરમિયાન વિકાસની કેડી કંડારવા માટે કન્યા કેળવણી સહીત ગુણવત્તાલક્ષી શિક્ષણ પર ભાર મુકયો હતો. રાજયની ભાજપ સરકાર પણ એજ નકશેકદમ પર પ્રવેશોત્સવ અને ગુણોત્સવની ગુલબાંગો પોકારી ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાની વાતો કરી રહી છે. ત્યારે સરહદી અને શૈક્ષણિક રીતે પછાત બનાસકાંઠા જીલ્લામાં શિક્ષણ ક્ષેત્રે જ વ્યાપક ગેરરીતીઓ આચરાતી હોવાની બુમરાણ મચી છે. ખુદ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેમ નજર તળે બનાસકાંઠા જીલ્લામાં સને-૨૦૧૨-૧૩માં બી.આર.જી.એફ યોજના તળે કોચીંગ કલાસમાં રૂ.૬૫ લાખની ગેરરીતી આચરાઈ હોવાનું કૌભાંડ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

આજે પાલનપુર ખાતે શિક્ષણ વિભાગના ભ્રષ્ટાચારને બેનકાબ કરવા યુવા ભાજપના અગ્રણી અને વિધાર્થી નેતા પરેશ ત્રિવેદી સહીતના મિત્રો ધ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તેઓએ પુખ્તા આધાર પુરાવા રજુ કરી શિક્ષણ વિભાગમાં ચાલતી ગેરરીતીઓનો પર્દાફાશ કરતા એક તબકકે મીડીયાકર્મીઓ પણ દંગ રહી ગયા હતા. તેઓએ આપેલી વિગતો મુજબ, શૈક્ષણિક રીતે પછાત સરહદી બનાસકાંઠા જીલ્લામાં શિક્ષણનું સ્તર વધારવાની સાથે જીલ્લાનું પરિણામ ઉંચુ આવે તે માટે બી.આર.જી.એફ યોજના તળે ર કોંચીગ કલાસ જીલ્લાના સાત તાલુકાઓમાં મંજુર કરાયા હતા. જેનો કોન્ટ્રાકટ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ નડીયાદ નામની એન.જી.ઓ.ને આપવામાં આવ્યો હતો. જે સંસ્થા ધ્વારા ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યો હતો. જે ભરતી ઈન્ટરવ્યુંમાં આવેલા ઉમેદવારોના શૈક્ષણિક પ્રમાણપત્ર સહીતના દસ્તાવેજી પુરાવાઓનો દુરૂપયોગ કરી તેઓએ ફરજ બજાવી હોવાનો કાગળ પર ઉલ્લેખ કરી તેઓના નામે ખોટા વાઉચર બનાવી કાગળ પર જ કોચીંગ કલાસ ચલાવી અંદાજે રૂ.૬૫ લાખનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો ગંભીર આક્ષેપ કરતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે તેઓએ આવા ૪૪ ઉમેદવારોના નામ સાથેનું લીસ્ટ, બોગસ ચેક, અને બોગસ વાઉચર તથા રજાના દિવસે પણ કલાસ ચાલુ રાખ્યા હોવાના હાજરી પત્રક સાથેના પુરાવા રજુ કરી આ અંગે ઉચ્ચકક્ષાએ કરેલી રજુઆતો પણ બહેરા કાને અથડાઈને પરત ફરતી હોવાનો વસવસો વ્યકત કર્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ અંગે જીલ્લા શિક્ષણાધિકારી કચેરીએ પણ વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ફળદાયી પરિણામ આવ્યું નથી. ત્યારે સરહદી બનાસકાંઠા જીલ્લાના શિક્ષણના નામે ઓહીયા કરી ગયેલા નાંણા એન.જી.ઓ સંચાલક ઘનશ્યામ પટેલ પાસેથી ઓકાવવા માટે આ ટીમ કટીબધ્ધ બની હોવાનું જણાવી આ અંગે તેઓએ કાનુની લડત આપવાનો પણ નિર્ધાર વ્યકત કર્યો હતો. ત્યારે તેઓની લડત કેટલી પરિણામલક્ષી બનશે તેતો આવનારો સમય જ બતાવશે.

## શબ્દાવલી - ૫૭૩૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | ૯ | | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | | ■ | ■ | ૧૨ | ■ |
| ■ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | | |
| | ■ | ■ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. મધ-ઘી-સાંકર-દહીં-દૂધ પાંચેય વસ્તુ ભેગી કરી બનાવાતો પ્રસાદ (૪)
૪. પાલનહાર, પાલના કરનાર (૩)
૬. પ્રેમ, પ્યાર (૩)
૭. મોટરગાડી (૨)
૮. રાશનની વસ્તુઓ (૪)
૧૦. મોકો, ચાન્સ (૨)
૧૩. નિત્ય, રોજ (૨)
૧૫. જડીબુટ્ટીના વણાટનું એક જાતનું કાપડ (૪)
૧૮. મજુર, કામ કરનાર માણસ (૪)
૨૦. ઢીંગુજી, ઢીંગણો (૩)
૨૧. જન્મ આપવા (૩)
૨૨. ફરસાણ, ચટપટી વાનગી (૪)

### ઊભી ચાવી

૧. ગામ-તાલુકા-જીલ્લામાં વહીવટ કરતાં લોકોમાં ચુંટાઇ આવેલ મંડળ (૪)
૨. ઇચ્છા, મહેચ્છા (૨)
૩. મરનાર સંબંધી (૩)
૪. ઝૂલો, ઘોડિયું (૩)
૫. મૃગની નાભીમાંથી નીકળતો સુગંધી પદાર્થ (૩)
૭. શરીર, તન (૨)
૯. ક્રોધ, ગુસ્સો (૨)
૧૧. સોગન, સમ (૩)
૧૨. શિખ, સારો, ઉપદેશ (૪)
૧૪. પિતાના પિતા (૨)
૧૬. સન્માન કરવું, માન આપવું (૪)
૧૭. દુનિયા બનાવનાર (૪)
૧૮. જાજમ (૩)
૧૯. રટવું તે (૩)

### શબ્દાવલી ૫૭૨૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અડપલા (૪) સજની (૬) લાજવંતી (૮) પોયણુ (૧૦) બીમ (૧૧) પાવક (૧૩) જંગલી (૧૫) ધજા (૧૭) નાજુક (૧૯) રાન (૨૦) પરવરીસ (૨૨) તમા (૨૩) નથડી

**ઊભી ચાવી :-** (૧) અજંપો (૨) પલાણુ (૩) લાજ (૪) સતી (૫) નીરામય (૭) વંશાવલી (૯) યશ (૧૧) પાગલપન (૧૨) મધરાત (૧૪) મંજૂરી (૧૬) જાનમ (૧૭) નાવડી (૧૮) કસર (૨૧) રથ

# મોડાસા-આનંદપુરા કંપા પાસે પડેલા મોટા ગાબડાથી અકસ્માત સર્જાવાની ભીતી

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લાના શામળાજી-ગોધરા રાજય ધોરી માર્ગ પર ઠેર ઠેર ગાબડા પડી ગયા હોવાથી વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. તેમજ વાહનચાલક રાજય ધોરી માર્ગ પર ગાબડા પડી ગયા હોવાથી પોતાનું વાહન ખાડામાં પડતાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા હોવાથી અકસ્માતની ઘટનાઓ પણ બનેલી છે. અને કેટલીયે નિર્દોષ પ્રજાએ ગાબડાના કારણે અકસ્માતમાં જીવ ગુમાવ્યો હોવાની ઘટનાઓ બની હોવા છતાં રાજય ધોરી માર્ગની હાલત દિવસે ને દિવસે કફોડી બનતી જાય છે જયારે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ નિંદ્રાધીન અવસ્થામાં છે.

શામળાજી ગોધરા રાજય દોરી માર્ગને ફોરલેન બનાવવામાં આવ્યો છે ત્યારે મોડાસાથી પસાર થતા ધોરી માર્ગ પર ઠેર ઠેર ગાબડાઓ પડી ગયા છે. જેથી આ ગાબડાઓના કારણે વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોવાથી આવા ગાબડાઓનું વહેલી તકે સમારકામ કરવા માંગ થઈ રહી છે. મોડાસા આનંદપુરા કંપા વચ્ચેના ફોરલેન રાજયધોરી માર્ગ પર મોટા મોટા ગાબડાઓ પડી ગયા છે. શામળાજીથી હાલોલ સુધી અંજે ૧૬૫ કિમી માર્ગ પર રોડનું નિર્માણ કરનાર કંપની દ્વારા ઠેર ઠેર ટોલનાકા ઉભા કરી મોટી રકમ વાહનચાલકો પાસેથી ટોલ પેટે ઉઘરાવાય છે. પરંતુ રોડ પર પડેલા ગાબડા રીપેર કરવા કંપનીના સંચાલકો દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. જેમાં મોડાસા બાયપાસ સહયોગ ચોકડી નજીક મોડાસાથી ૨ કિમીના અંતરે આવેલા આનંદપુરા કંપા નજીક મોટા ગાબડાઓ પડી ગયા છે. છતાં સમારકામ કરવાના કોઈ નકકર પગલાં ન ભરાતાં વાહનચાલકો ખાડાઓથી તોબા પોકારી ઉઠયા છે. મોડાસા બાયપાસ માર્ગ પર સહયોગ ચોકડી નજીક જ ખાડાઓના કારણે રાજય ધોરી માર્ગની હાલત કફોડી બની ગઈ છે.

આનંદપુરા કંપાના કનુભાઈ પટેલના જણાવ્યા અનુસાર મોડાસા આનંદ પુરા કંપા નજીક રાજય ધોરી માર્ગ પર પડેલા આ મોટા ગાબડાથી વાહનચાલકો કંટાળી ગયા છે તેમજ અનેકવાર અકસ્માતોની ઘટનાઓ સર્જાઈ હોવા છતાં રાજય ધોરીમાર્ગના અધિકારીઓ કે ટોલટેક્ષ ઉઘરાવનાર કંપની દ્વારા કોઈ યોગ્ય પગલા ભરી સમારકામ ન કરતાં હજુ આ ગાબડાના કારણે કેટલાય નિર્દોષ વાહનચાલકોએ અને પ્રજાજનોએ પોતાનો જીવ ગુમાવવો પડશે તે આવનારો સમય જ કહેશે.



(તસવીર : જય અમીન, મોડાસા)